# (State Haj Inspector - SHI)ની ભુમિકા

1. રાજ્ય હજ નિરીક્ષક (SHI) તરીકે પસંદગી પામ્યા બાદ ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા વખતો વખત ઇમેઈલ, વોટ્સએપ ગ્રુપ દ્વારા સૂચના આપવામાં આવશે જે દરેકે દરેક સૂચનાઓ પર રાજ્ય હજ નિરીક્ષક (SHI) દ્વારા અમલ કરવાનો રહેશે.
   1.1. રાજ્ય હજ નિરીક્ષક (SHI)ને હજ કમિટિ ઓફ ઈન્ડીયાની વેબસાઈટ https://hajcommittee.gov.in/ તેમજ ગુજરાત રાજ્ય હજ સમિતિની વેબસાઈટ https://haj.gujarat.gov.in/ તેમજ ગુજરાત રાજ્ય હજ હાઉસની વેબસાઈટ https://gujarathajhouse.in/ પર અપલોડ થતી દરેક પ્રકારની માહીતીને ધ્યાને રાખી સબંધિત સૂચનાઓ પર અમલ કરવાનો રહેશે.
2. રાજ્ય હજ નિરીક્ષક(SHI) માટે તાલીમ કાર્યક્રમ સબંધિત વિગતો
   2.1. રાજ્ય હજ નિરીક્ષક(SHI) માટે **હજ કમિટી ઓફ ઇન્ડિયા તથા ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા આયોજિત તાલીમમાં હાજરી ફરજિયાત છે.** ગેર હાજર રહેવાથી પસંદગી રદ્દ થવાને પાત્ર રહેશે.
   2.2. ત્યાર બાદ ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા યોજાતા સંબંધિત જીલ્લાનાં હજ યાત્રિકોના તાલીમ કાર્યક્રમમાં હાજરી આપવાની રહેશે. જ્યાં જરૂર જણાય ત્યાં હજ યાત્રિકોને લાભ દાયક થાય તેવી માહિતી આપવાની રહેશે.
   2.3. ટ્રેનિંગ કેમ્પમાં હજયાત્રા સંબંધિત લોજેસ્ટીક ટ્રેનિંગ, હજયાત્રી સંબંધિત વિધિઓ, હજયાત્રીઓનું આરોગ્ય જળવાઈ રહે તેવી બાબતો, તેમજ સલામતી જેવા મુદ્દાઓ આવરી લેવામાં આવે તેવું ધ્યાન રાખવાનું રહેશે.
3. હેલ્થ સબંધિત માર્ગદર્શન
   3.1. પસંદગી થયા બાદ સામે મર્યાદામાં નિયત કરેલ મેડિકલ સ્ક્રીનિંગ અને ફીટનેસ સર્ટિફિકેટ ગુજરાત રાજ્ય હજ સમિતિને જમા/અપલોડ કરવાનું રહેશે,
   3.2. **હજ 2026 માટે KSAની હેલ્થ માર્ગદર્શિકા મુજબ ફરજિયાત રસીકરણ કરાવવાનું રહેશે.**
4. હજ યાત્રિકોના ફ્લાઈટના સમયે કરવાની કામગીરી
   4.1. ગુજરાત રાજ્ય હજ સમિતિનાં કચેરી હુકમ મુજબ ગુજરાત હજ હાઉસ ખાતે સમયસર હાજર થવાનું રહેશે.

4.2. ત્યાર બાદ ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા હજ ઓપરેશન સબંધિત જે કઈ કામગીરી સોંપવામાં આવે તે કામગીરી કરવાની રહેશે.

4.3. રાજ્ય હજ નિરીક્ષક(SHI)એ તેઓને સોંપેલ હાજીયો સાથે જ ફ્લાઈટમાં આવન-જાવનમાં મુસાફરી કરવાની રહેશે. અલગથી મુસાફરી કરવાની મંજૂરી નથી.

4.4. સોંપેલ હજ યાત્રિકોને દરેક જરૂરી માહિતી પહોંચાડવા ગુજરાત રાજ્ય હજ સમિતિ તથા હજ સુવિધા એપ દ્વારા સોંપેલ હજયાત્રીઓની યાદી મેળવી વ્હોટ્સ-એપ ગ્રુપ બનાવી જોડવાના રહેશે. અને સમયાંતરે જરૂરી માહિતી આપવાની રહેશે.

4.5. હજ કમિટી ઓફ ઈન્ડીયાની હજ ગાઈડલાઈન તેમજ કિંગ્ડમ ઓફ સાઉદી અરેબિયાની હજયાત્રા સંબંધિત સુચનાઓની જાણકારી મેળવી હજયાત્રીઓને અવગત કરાવવા રહેશે. જેમકે હજ યાત્રિકોને નુસુક એપ્લીકેશનમાં રજીસ્ટ્રેશન કરાવી આપવાનું રહેશે.

4.6. આપણે સોંપેલ હજયાત્રીઓના મોબાઈલમાં હજ સુવિધા એપ્લિકેશન અને નુસુક એપ્લિકેશન ડાઉનલોડ કરાવવાની રહેશે.

4.7. હજ કમિટિ ઓફ ઈન્ડીયા, દ્વારા ઓનલાઈન ફ્લાઈટ બુકીંગની સુવિધા શરૂ કરવામાં આવે છે, જે શરૂ થયેથી હજયાત્રીઓને એલોટ થયેલી ફ્લાઈટનું ઓનલાઈન કન્ફર્મેશન કરાવવાનું રહેશે.

5. હજયાત્રા સંબંધિત એરપોર્ટ અને મુસાફરી અંગેની જાણકારી બાબત.

5.1. ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા બહાર પાડવામાં આવેલ પ્રેસ નોટ તથા સૂચના મુજબ જરૂરી ડોક્યુમેન્ટ્સ વિષે માહિતી આપવી.

5.2. હજ કમિટિ ઓફ ઈન્ડીયાની વેબસાઈટ પર ઓનલાઈન કન્ફર્મેશન કર્યા બાદ ગુજરાત રાજ્ય હજ સમિતિની સૂચના મળ્યેથી ફ્લાઈટ ઉપડવાના 24-48 કલાક પહેલા ફ્લાઈટ વાઈઝ સમય પત્રક મુજબ હજ હાઉસ થી જરૂરી ડૉક્યુમેન્ટ જેવા કે હજ યાત્રિકોનો ઓરીજનલ પાસપોર્ટ, બૉર્ડિંગ પાસ, આઈ ડી કાર્ડ, બેગેજ ટેગ તથા અન્ય જરૂરી કીટ હજ હાઉસ ખાતેથી મેળવવા તથા આઅ કામગીરીમાં હજ યાત્રિકોને મદદરૂપ થવાનું રહેશે.

5.3. મોટા સામાન (ચેક-ઇન સામાન Check-in Baggage) દરેક યાત્રીને 2 સુટકેસ લઈ જવાની મંજૂરી છે. વજન મર્યાદા: દરેક સુટકેસ માટે મહત્તમ 20 કિલો સુધી. જેનું માપ લંબાઈ + પહોળાઈ + ઊંચાઈ = કુલ 158 સે.મી. જે ( દા.ત. માપ: 75 + 55 + 28 સે.મી.) વગેરેની વિગતવાર ડિજીટલ(ફોટો) માધ્યમથી માહિતી આપવી.

5.4. (b) હેન્ડ/કેબિન સામાન (Hand / Cabin Baggage) માત્ર 1 હેન્ડ બેગની મંજૂરી છે. **જેનું મહત્તમ વજન: 7 કિલો સુધી અને સાઈઝ ફ્લાઈટનાં ડેકમાં આવી શકે તે મુજબ** વિગતવાર ડિજીટલ(ફોટો) માધ્યમથી માહિતી આપવી.

5.5. હજ યાત્રિકો એ એરપોર્ટ ખાતે ફ્લાઈટ ઉપડવાના સમયથી ૦૬(છ) કલાક પહેલા એરપોર્ટ ખાતે નક્કી થયેલ જગ્યા એ સામાન ચેક ઇન(જમા) કરાવવા જેવી અને અગત્યના ડૉક્યુમેન્ટ સાથે રાખવાની માહિતી આપવી.

6. મક્કા, મીના, અરાફાત, મુઝદલિફહ અને મદીના સંબંધિત માહીતી.

6.1. આપનું કાર્ય યાત્રાળુઓને **<u>મક્કામાં</u>** મળનારી રહેઠાણ અને પરિવહન સંબંધિત તમામ માહિતી સ્પષ્ટ રીતે સમજાવવાનું છે. મક્કામાં દરેક યાત્રાળુને 4 ચોરસ મીટર જેટલી જગ્યા ફાળવવામાં આવશે અને દરેક રૂમમાં 10 બેડ સુધીની ક્ષમતા રહેશે (તસરીહ મુજબ). જો રહેઠાણ માટેની જગ્યા ઉપલબ્ધ ન હોય તો વૈકલ્પિક નવા વિસ્તારમાં રહેઠાણ ફાળવવામાં આવશે. પુરુષ અને સ્ત્રી યાત્રાળુઓને અલગ રૂમમાં પરંતુ શક્ય હોય ત્યાં સુધી એક જ બિલ્ડિંગમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે. રહેઠાણમાં લિફ્ટ, એર કન્ડીશનિંગ, પાણીના ડીસ્પેન્સર, Wi-Fi, રેફ્રિજરેટર, ગીજર તેમજ ગેસ અથવા ઇલેક્ટ્રિક સ્ટોવની સુવિધા ઉપલબ્ધ રહેશે. દરેક 12 યાત્રાળુઓ માટે ઓછામાં ઓછું એક બાથરૂમ અને દરેક 30 યાત્રાળુઓ માટે એક રસોડું હશે. દરેક બેડનું માપ 180x90x30 સે.મી. હશે અને ગુણવત્તાવાળી બેડશીટ તથા તકીયો આપવામાં આવશે. સામાન્ય વિસ્તારોની(રૂમ સિવાય) સફાઈ માટે હારિસ અને ક્લીનર્સની વ્યવસ્થા રહેશે, જ્યારે બિલ્ડિંગની જાળવણી બીલ્ડીંગનાં માલીક દ્વારા કરવામાં આવશે. પરિવહન માટે મક્કા (મર્કઝિયા વિસ્તારની બહાર) થી હરમ સુધી 24x7 બસ સેવા ઉપલબ્ધ રહેશે, જેમાં સલામતીના હેતુથી બસનો સમય અને માર્ગ સઉદી અધિકારીઓ નક્કી કરશે. ઉપરાંત, ટનલમાં અલગ શટલ બસ સેવા પણ ઉપલબ્ધ રહેશે. યાત્રાળુઓને સમજાવવું જરૂરી છે કે પથારીની ચાદર બદલવાની તથા રૂમની અંદર સફાઈ કરવાની સુવિધા ઉપલબ્ધ નહીં હોય. રાજ્ય હજ નિરીક્ષક (SHI) તરીકે આપે હજયાત્રાળુઓને ઉપરોક્ત માહિતી સારી રીતે સમજાવવાની રહેશે.

6.2. **<u>મિના, અરફાત અને મુઝદલિફા</u>** ખાતે દરેક યાત્રાળુને મિનામાં ફક્ત 0.98 ચોરસ મીટર(અંદાજીત ૧૦.૫૫ ચોરસ ફુટ) જેટલી જગ્યા ફાળવવામાં આવશે. તંબુઓમાં હજ-ગાઈડલાઈનમાં જણાવ્યાનુસાર સામાન્ય રીતે તંબુમાં એર કૂલર ઉપલબ્ધ રહેશે. મિનાની પરંપરાગત સીમામાં જગ્યા ઓછી હોવાથી લગભગ ચોથા ભાગના યાત્રાળુઓને મીનાની પરંપરાગત હદની બહાર તંબુઓની ફાળવણી થઈ શકે છે. મેટ્રો ટ્રેન રૂટ પર આવેલા

તંબુઓમાં રહેનાર યાત્રાળુઓને જ મેટ્રો-ટ્રેનની ટિકિટ ફાળવવામાં આવશે, જ્યારે અન્ય યાત્રાળુઓ માટે બસની વ્યવસ્થા કરવામાં આવશે. અરફાતમાં બેડ અને એર કન્ડીશનિંગ ઉપલબ્ધ રહેશે, પરંતુ વધુ ઉપયોગના કારણે તેની અસરકારકતા ઓછી હોઈ શકે છે. મિના, અરફાત અને મુઝદલિફામાં શૌચાલયોની સુવિધા મર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ રહેશે, તેથી યાત્રાળુઓને આ બાબતે અગાઉથી જ જાણકારી આપવી જરૂરી છે.

6.3. **મદીનાહ** ખાતે હરમની આસપાસના મર્કઝિયા વિસ્તારમાં રહેઠાણને પ્રાથમિકતા આપવામાં આવે છે, પરંતુ જો ત્યાં જગ્યા ઉપલબ્ધ ન હોય તો બહારના વિસ્તારોમાં રહેઠાણ ફાળવવામાં આવે છે. રૂમ ફાળવણી “ઓન ધ સ્પોટ” કરવામાં આવે છે, એટલે કે અગાઉથી રૂમ ફાળવણી થતી નથી. પુરુષ અને સ્ત્રી યાત્રાળુઓને એક જ બિલ્ડિંગમાં અલગ અલગ રૂમ ફાળવવામાં આવશે. મર્કઝિયા વિસ્તારમાં આવેલી હોટલોમાં રૂમમાં વૉશરૂમ સહિતની સુવિધા હોય છે, સામાન્ય રીતે ૪ થી ૧૦ યાત્રાળુઓ સુધીની ક્ષમતા હોય છે. મર્કઝિયા વિસ્તારમાં આવેલી હોટલોમાં લિફ્ટ, સેન્ટ્રલ એર કન્ડીશનિંગ, Wi-Fi, પાણીના ડીસ્પેન્સર, રેફ્રિજરેટર અને ગીજરની સુવિધા ઉપલબ્ધ રહેશે. રસોઈ કરવાની મંજૂરી નહીં હોય, તેથી યાત્રાળુઓએ બહારથી ભોજન લેવું પડશે. મર્કઝિયા વિસ્તારની બહારના વિસ્તારોમાંથી હરમ સુધી બસ સેવા ઉપલબ્ધ નહીં હોય. મદીનામાં રહેઠાણ ફાળવણી યાત્રાળુઓની આગમન તારીખ, હોટલની ઉપલબ્ધતા અને e-path કોન્ટ્રાક્ટ નંબર જેવા પરિબળો પર આધારિત રહેશે.

## 7. KSA પહોંચ્યા પછી કરવાની કામગીરી

7.1. **રાજ્ય હજ નિરીક્ષક(SHI)એ IHPO (મક્કા/મદીના) SHI સેલમાં રિપોર્ટ કરવાનું રહેશે તથા CGIની તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે, તથા દૈનિક કામગીરીનો** હજ સુવિધા એપમાં રિપોર્ટ આપવાનો રહેશે.

7.2. હજ યાત્રિકોને મળનારી સુવિધાનો ચિતાર લઈ સોંપેલ હજ યાત્રિકો સાથે સતત સંપર્કમાં રહેવું. દરેક કાર્ય નિષ્ઠાથી કરવા જરૂરી છે. બેદરકારી, યાત્રીઓને છોડીને જવું, ફોન બંધ કરવો કે નકારાત્મક પ્રતિસાદ મળવા પર SHIને તરત ભારત પાછા મોકલી દેવામાં આવશે અને ભવિષ્યની ફરજોમાં બ્લેકલિસ્ટ કરવામાં આવશે.

7.3. મુઅલ્લિમ સાથે વાત કરતી વખતે કઠોર શબ્દો, અપશબ્દો અથવા દબાણ ન કરવું, નહીં તો યાત્રીઓને મુશ્કેલી પડી શકે છે. મુઅલ્લિમ સાથે સમસ્યા થાય તો પહેલા શાંતિથી સમાધાન કરવાનો પ્રયત્ન કરવો. જો ન સમાધાન થાય તો યાત્રીઓની સંપૂર્ણ વિગતો સાથે લેખિત ફરિયાદ CGIને અથવા હજ સુવિધા એપ મારફતે મોકલવી.

GUJARAT STATE HAJ COMMITTEE

7.4. ભારત પાછા ફરતા પહેલા SHIએ પોતાનો રિપોર્ટ/ફીડબેક અને યાત્રીઓનું રજિસ્ટર CGIને અને હજ સુવિધા એપમાં સબમિટ કરવાનો રહેશે

8. નીચેની વિગતોમાં હજયાત્રીએ કરવાના કામ તથા ન કરવાના કામ વિગતવાર આપેલા છે જે હજયાત્રિઓને સરળ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરવો.

8.1. અગત્યની માહિતી આપવી જેવી કે હજ યાત્રા દરમિયાન હજયાત્રાની પાકી અને પવિત્રતાનું હંમેશા ધ્યાન રાખો.

8.2. હજ ફ્લાઈટના ડીપાર્ચર પહેલાં અને હજ દરમિયાન તમારા મોબાઈલ ફોનમાંથી અનૈતિક સંગીતની રિંગ ટોન, સેવ કરેલી બધી છબીઓ, ક્લિપ્સ, કાર્ટૂન, મૂવીઝ તથા સાઉદી અરેબિયામાં મનાઈ કરેલી/પ્રતિબંધિત સામગ્રીને કાઢી નાખો.

8.3. તમારા મોબાઇલ ફોનને વાઈબ્રેટર મોડ પર રાખવાનો પ્રયાસ કરો

8.4. તમારી ઈબાદત તેમજ અન્ય હાજીઓની ઈબાદતમાં કોઈપણ પ્રકારની ખલેલ ન પહોંચાડો.

8.5. સાઉદી અરેબિયા દ્વારા હરમૈન શરીફૈનની અંદર અને તેમના પરિસરમાં ફોટોગ્રાફી/વિડિયોગ્રાફી/ચલચિત્રો/સંગીત વગાડવા માટે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

8.6. તમારા શરીરને ફિટ રાખો જેથી કરીને તમે સરળતાથી હજ અને ઉમરહ કરી શકો.

8.7. અસ્વચ્છ સ્થળોએ ખોરાક લેવો નહીં. સાદો ખોરાક અને ફળો આરોગવા.

8.8. હજ યાત્રાળુઓ માટેના હેલ્થ કાર્ડની સાથે તમારા જરૂરી વસ્તુઓ અને કરન્સી સલામત રાખવા વોલેટ અથવા કમરનું બેલ્ટ પહેરો.

8.9. હજ યાત્રાળુઓ માટેના હેલ્થ કાર્ડની સાથે તમારા જરૂરી દસ્તાવેજો, દવાઓ અને પ્રિસ્ક્રિપ્શન હંમેશા તમારી હેન્ડબેગમાં રાખો.

8.10. બધા જરૂરી નકલોનો એક સેટ ઘરમાં તમારા સંબંધીઓ પાસે રાખો અને અન્ય તમારા બેગમાં, મૂળ દસ્તાવેજો ખોવાઈ જાય તેવા કિસ્સામાં મદદરૂપ બની રહે તે માટે રાખવો.

8.11. ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા આપવામાં આવેલ હજ ગાઈડ સાથે રાખો આ ગાઈડ મક્કા, ભારતીય હજ ઓફિસ (મિશન) કોન્સ્યુલેટ, દૂતાવાસ અને સાઉદી એજન્સીઓની શાખાઓના મહત્વપૂર્ણ નંબરો સમાવે છે. તમારી સાથે હંમેશા તમારા મોઅલ્લીમ/મક્તબનો નંબર, રહેઠાણની બિલ્ડીંગ નંબર તથા રૂમ નંબર યાદ રાખો.

8.12. સાઉદી અરેબિયામાં કોઈને પહોંચાડવા માટે તમારા મિત્ર અથવા સંબંધી પાસેથી કોઈપણ સ્વરૂપમાં કોઈપણ વસ્તુઓ સ્વીકારશો નહીં.

8.13. વેસ્ટર્ન શૈલીના શૌચાલય બિલ્ડીંગમાં લગાવેલ છે. તેથી તમારે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવું તથા સ્વચ્છતા જાળવવાનો પ્રયત્ન કરવો.

8.14. મક્કામાં સંબંધિત બ્રાન્ચ ઓફિસનું સરનામું તમારી બિલ્ડીંગ પર લગાવવામાં આવશે. તમારા બિલ્ડિંગ પર તમારી સાથે સરનામું રાખો અને સંબંધિત બ્રાન્ચ ઓફિસ યાદ રાખો.

8.15. હંમેશા સાઉદી એજન્સીઝ દ્વારા આપવામાં આવેલો પીળો બેલ્ટ તથા નુસુક કાર્ડ તેમજ HCOI દ્વારા જારી થયેલ આઈડી-કાર્ડ, સ્ટીલનો કડો સાથે રાખો.

8.16. સાઉદી એજન્સીઝ પાસે તમારી કિંમતી ચીજો અને પૈસા રાખો ત્યારે યોગ્ય રસીદ મેળવો. તમારી પાસે વધારાના પૈસા અથવા કિંમતી વસ્તુઓ રાખશો નહીં અને ખિસ્સા કાતરૂઓ થી સાવધ રહો.

8.17. સાઉદી અરેબિયાના ટ્રાફિક નિયમ મુજબ જમણા હાથે વાહનો ચાલતા હોવાથી ટ્રાફિક રસ્તા ઓળંગતી વખતે આ બાબત ધ્યાનમાં રાખો.

8.18. યુવાન અને સ્વસ્થ વ્યક્તિઓએ દાદર(સીડી)નો ઉપયોગ કરવો જોઈએ. ઘરડા અને માંદા વ્યક્તિઓને લિફ્ટમાં અને જ્યાં જરૂર હોય ત્યાં અગ્રતા આપવી જોઈએ.

8.19. તમારા બિલ્ડીંગ નંબરની નોંધ કરો અને યાદ રાખો, નજીકના મુખ્ય સ્થળ, હરમશરીફનો નજીકનો દરવાજો અને પરત જવાનો માર્ગ, જો તમે બિલ્ડીંગનો રસ્તો ભૂલી જાવ તો આ માહિતીનો ઉપયોગ કરો.

8.20. જો તમે અથવા તમારો સાથીદાર ખોવાઈ જાય તેવા કિસ્સામાં ભારતીય હજ ઓફિસ (મિશન) ને જાણ કરો.

8.21. સુરક્ષા કારણસોર સાઉદી સરકારે ઘણાં સ્થાનોએ સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કર્યા છે. તમે કોઈ અજાણી વસ્તુઓ ઉઠાવશો નહીં. તે ચોરી તરીકે માનવામાં આવી શકે છે અને તમારી સામે કાર્યવાહી થઈ શકે છે.

8.22. જો પોલીસ દ્વારા પકડવામાં આવે તો, યોગ્ય જાણકારી વગર કોઈપણ દસ્તાવેજ પર સહી ન કરો.

8.23. જો તમે બીમાર પડો તો, માત્ર સરકારી હોસ્પિટલની જ મુલાકાત લો હોસ્પિટલોની વિગતો આ હજ ગાઈડમાં આપવામાં આવેલી છે.

8.24. પાણી/ઈલેક્ટ્રીસીટીનો બગાડ કરશો નહીં, પાણીના નળ બંધ કરો, તમારા રૂમને છોડતાં પહેલાં લાઈટ, પંખા, એ.સી., ગેસ સ્ટવ બંધ કરો.

8.25. અનધિકૃત વ્યક્તિને તમારી સાથે રૂમમાં રહેવા દેશો નહીં.

8.26. ગંદકી કરશો નહીં, સ્થળો સ્વચ્છ રાખો અને સ્વચ્છતા જાળવો.

GUJARAT STATE HAJ COMMITTEE

8.27. લાઈસન્સ ધરાવતી ટેકસી મારફતે જ મુસાફરી કરો, અન્ય કોઈ ટેક્સી દ્વારા મુસાફરી કરશો નહીં.ટેક્ષીઓમાં હંમેશા જૂથમાં પ્રવાસ કરવો. પુરૂષોએ પહેલાં ચઢવું ત્યાર બાદ સ્ત્રીઓએ ચઢવું, સ્ત્રીઓએ પહેલા ઉતરવું, ત્યાર બાદ પુરૂષોએ ઉતરવું, વાતચીતમાં સરળતા અને વિશ્વસનીયતા માટે પાકિસ્તાની / ભારતીય / બંગાળી ડ્રાયવર વાળી ટેકસી પસંદ કરવી.

8.28. રહેવાના સ્થળ અને હરામ શરીફ વચ્ચે મુસાફરી કરવા માટે બસ પરિવહન સુવિધા ચોવીસ કલાક ઉપલબ્ધ છે. તે જરૂરીયાતોને કારણે ચોક્કસ સમય માટે બંધ થઈ શકે છે.

8.29. તમારા મોબાઈલ ફોન પર છેતરપિંડીવાળી ઓફર્સ (લોટરી/ઈનામ) ના શિકાર ન થાઓ.

8.30. તમામ હજયાત્રીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ સ્માર્ટ મોબાઈલ ફોનના ઉપયોગથી સંપૂર્ણ રીતે પરિચિત થાય, જેથી તેઓને જો કોઈ આવશ્યકતા હોય તો સગા સંબંધિઓનો સંપર્ક કરવામાં કોઈ મુશ્કેલી ન પડે.

8.31. માત્ર અધિકૃત આઉટલેટ્સ પરથી જ મોબાઈલ ફોન માટે રિ-ચાર્જ કૂપન ખરીદો અને હજ દરમિયાન નકલી રિ-ચાર્જ કૂપન્સની ખરીદી ટાળો.

8.32. મક્કા અને મદીના વચ્ચેનું અંતર ૪૫૦ કિલો મીટર છે. અને આ અંતર કાપતા અંદાજીત ૧૦ કલાક લાગે છે. તે મુજબ મુસાફરી દરમ્યાન જરૂરી પાણી અને ખોરાક સાથે રાખશો.

8.33. મીનામાં તમારો ટેન્ટ/તંબુ અને પોલ/થાંભલા નંબર યાદ રાખો.

8.34. મીનામાં તમારા ટેન્ટ/તંબુમાંજ રહેશો. કોઈ અજાણી વ્યક્તિને અથવા જેનેતંબુ ફાળવવામાં આવે ન હોય, તેવી વ્યક્તિને તંબુમાં રહેવા દેશો નહીં.

8.35. અસ્વચ્છ જગ્યાએ અથવા પ્રતિબંધવાળી જગ્યાએ વાળ કપાવવાનું (હલક) રાખશો નહીં.

8.36. ચેક ઈન બેગેજ/હેન્ડ બેગેજમાં ઝમઝમનું પાણી મુકશો નહીં. તમારા એમ્બર્કેશન પોઈન્ટ પર ઉતરાણ વખતે તે તમને આપવામાં આવશે.

8.37. હાજીએ પવિત્ર સ્થાનો પર ભારતીય ધ્વજ (અથવા કોઈપણ ધ્વજ) અથવા પ્લેકાર્ડ પ્રદર્શિત ન કરવું જોઈએ.

GUJARAT STATE HAJ COMMITTEE

# SHI ની ભૂમિકા : સંક્ષિપ્તમાં(ડીપાર્ચર થી અરાઈવલ સુધી)

(૧) અમદાવાદ એરપોર્ટ પર SHI ની કામગીરી શું ?

- SHI ફ્લાઈટમાં જનારા તમામ હજયાત્રીઓને સારી રીતે મળે અને જણાવે કે તે SHI છે જે હજયાત્રીઓને મદદરૂપ થવા ગુજરાત સરકાર તરફથી નિયામેલ છે.
- ફ્લાઈટમાં દરેક હજયાત્રી પહોંચી ગયા બાદ પોતે છેલ્લે ફ્લાઈટમાં એન્ટ્રી લે અને જો એરપોર્ટ ખાતે કોઈ હજયાત્રીની વસ્તુ રહી ગઈ હોય તો તે સાથે લઈ ફ્લાઈટમાં પહોંચી હજયાત્રી સુધી તે વસ્તુ પહોંચાડવામાં મદદરૂપ થાય.

(૨) અમદાવાદથી ફ્લાઈટમાં SHI કેવી રીતે હજયાત્રીને મદદરૂપ થઈ શકશે?

- જો હજયાત્રીની ફ્લાઈટ મક્કા જતી હશે તો હજયાત્રીને હજની નિય્યત કરાવવાની રહેશે જે દરેક હજયાત્રી માટે આવશ્યક છે.

(૩) જીદ્દાહ એરપોર્ટ પર SHI હજયાત્રીને કેવી રીતે મદદ કરશે?

- ફ્લાઈટમાંના હજયાત્રીઓને જીદ્દાહ એરપોર્ટ પર તેમને ફાળવાયેલ બિલ્ડીંગ પ્રમાણે અલગ-અલગ કરવામાં SHI ની ભૂમિકા મહત્તવની રહેશે.
- જુદી-જુદી બિલ્ડીંગના હજયાત્રીઓનો સામાન અલગ-અલગ કરવામાં મદદરૂપ થવાનું રહેશે.
- જો કોઈ હજયાત્રીઓનો સામાન જીદ્દાહ એરપોર્ટ ખાતે તેને ન મળે તો તેની ફરિયાદ ભારતીય હજ મિશનના કાર્યાલયમાં કરવામાં હજયાત્રીને મદદરૂપ થશે. અને જો હજયાત્રી ફરિયાદ કરવા સક્ષમ ન હોય તો SHI પોતે તે હજયાત્રી વતી તેની ફરિયાદ ભારતીય હજ મિશનના કાર્યાલયમાં કરશે.
- જો કોઈ હજયાત્રી બીમાર માલુમ પડે તો ઈન્ડીયન ડીસ્પેન્સરીમાં તે હજયાત્રીને પહોંચાડવામાં SHI ની ભુમિકા અગત્યની સાબિત થશે.

(૪) જીદ્દાહમાં SHI એરપોર્ટ પર સીમ કાર્ડ એક્ટીવેટ કરવામાં આપ શું મદદ કરશો?

- જીદ્દાહ એરપોર્ટ પર એક્ટીવેટ ન કરાવીને હજયાત્રીને તેની બિલ્ડીંગ પર પહોંચ્યા બાદ જ સીમ કાર્ડ ખરીદવા જણાવવાનું રહેશે. કેમ કે જીદ્દાહ એરપોર્ટ પર એક વખત હજયાત્રી દ્વારા જો ફીંગર પ્રિંટ આપવામાં આવશે તો તેને મળેલ સીમકાર્ડ એક્ટિવ નહીં થાય તેમજ મક્કા પહોંચી અન્ય સીમ કાર્ડ પર હજયાત્રી ખરીદી નહીં શકે.

(૫) પ્રથમ વખત ઉમરાહ કરવાથી પહેલાં હજયાત્રીઓ તેમની બિલ્ડીંગ પર પહોંચે ત્યારે SHI હજયાત્રીઓને શું મદદ કરી શકે?

- ઉમરાહની પ્રક્રીયા હજયાત્રીઓને સમજાવીને.

- મક્કાથી સીમકાર્ડ હજયાત્રીઓ ખરીદી કરે ત્યારે જો કોઈ હજયાત્રીને સીમ કાર્ડ એક્ટીવેશનની પ્રક્રીયામાં મદદની જરૂર હોય તો SHI હજયાત્રીને સહાયરૂપ થશે. જેથી સીમ કાર્ડ એક્ટીવ કરી હજયાત્રી તેના સગા-સંબંધિઓ સાથે ફોનથી વાતચીત કરી પોતે સફળતા પૂર્વક મક્કા પહોંચી ગયેલ છે તેની જાણ કરી શકે.
- મક્કા શહેરમાં હજયાત્રીઓને ફાળવાયેલ બિલ્ડીંગ્સ મહદંશે અઝીઝીયા વિસ્તારમાં આવેલી હોય છે ત્યાંથી "કાબા" સુધી પહોંચવા નજીકમાં બસ સ્ટોપ ક્યાં છે તેની તપાસ કરી હજયાત્રીઓને જાણ કરી મદદરૂપ થશે.
- હજયાત્રીઓને ફાળવાયેલા બિલ્ડીંગ નંબર અને રૂમ નંબર મહત્તવના હોઈ તેને યાદ કરી લેવા હજયાત્રીઓને અનુરોધ કરશે અને જો શક્ય હોય તો મોબાઈલમાં ગુગલ લોકેશન સેવ કરવામાં પણ મદદરૂપ થઈ શકશે.

(૬) હજયાત્રીઓને પ્રથમ વખત જ્યારે "કાબા-હરમ શરીફ" ઉમરાહ કરવા લઈ જાય ત્યારે SHI ની ભુમિકા શું રહેશે?

- ઉમરાહની વિધી દરેક હજયાત્રીને સરળ ભાષામાં જણાવી દે.
- કાબા-હરમ શરીફની બહાર દરેક હજયાત્રીને કાબા-હરમ શરીફના દરવાજાનો નંબર, બહાર સ્થિત વોશરૂમનો નંબર, તથા ઉમરાહ કર્યા બાદ હોટલ પર પરત ફરવાનો રસ્તો બતાવી, કઈ બસ ક્યા સ્ટેશનથી હજયાત્રીની હોટલ સુધી પહોંચશે તેની જાણકારી હજયાત્રીને આપશે.
- વધૂમાં હલક (વાળ ઉતારવાની વિધી) માટેની બાર્બર શોપ કઈ બાજુએ છે તેની જાણકારી આપી SHI હજયાત્રીને મદદરૂપ થઈ શકે છે.

(૭) મક્કામાં હજયાત્રીઓના રોકાણ વખતે SHI ની કામગીરી શું?

- હજયાત્રીઓનો લગેજ મીસીંગ થયો હોય તેમાં બ્રાંચ ઓફિસમાં જઈ ફરીયાદ દાખલ કરીને હજયાત્રીને મદદરૂપ થઈ શકે છે.
- વધૂમાં બિમાર તથા મોટી ઉંમરના હજયાત્રીઓને મેડિકલ જરૂરીયાતો ઊભી થતાં ભારતીય ડીસ્પેન્સરી સાથે સંપર્ક કેળવી હજયાત્રીને ભારતીય ડીસ્પેન્સરી સુધી લઈ જઈ સહાયક તરીકેની કામગીરી કરી શકે છે.
- જે હોટલોમાં હજયાત્રીઓ રોકાયા હોય ત્યાંના લોકલ પ્રશ્નો જેવા કે એ.સી. બરોબર ચાલુ છે કે નહિં, વાઈ-વાઈ બરોબર કાર્યરત છે કે નહિં, લિફ્ટની વ્યવસ્થા છે કે નહિં, રૂમોની બહાર લોબીમાં સફાઈની કામગીરી સુચારૂ રીતે થાય છે કે નહિં, ગેસ સીલીંડર છે કે નહિં વગેરે માહિતી જાતે તપાસ કરી જાણકારી મેળવી લે. તેમજ ઉક્ત વિગતો પૈકી કોઈ સગવડતાનો અભાવ જણાય તો "હારીશ"(હોટલનો સ્ટાફ)ને જણાવી તેનો ઉકેલ લાવવામાં SHI ની ભૂમિકા મહત્વપૂર્ણ સાબિત થાય છે. જો હારીશ દ્વારા ઉક્ત પ્રશ્નોનો

ઉકેલ ન આવે તો SHI એ બિલ્ડીંગની નજીકની બ્રાંચ ઓફિસમાં જઈ ઉક્ત બાબતે ફરીયાદ દાખલ કરવી જોઈએ અને જો ત્યાંથી પણ પ્રશ્નો હલ ન થાય તો આઈ.એચ.પી.ઓ.(ઈન્ડીયન હજ પિલ્ગ્રીમ ઓફીસ)માં જઈ અધિકારીઓને લેખિતમાં ફરિયાદ કરી હજયાત્રીઓને પડતી મુશ્કેલી નિવારી શકાય.

- હજયાત્રા શરૂ થવાના પહેલાં અન્ય કેટલીક જગ્યાઓ જેમ કે જીદ્દાહ, તાઈફ વગેરે શહેરોની મુલાકાત ન લેવા હજયાત્રીઓને સમજાવે.
- મોઅલ્લીમ તરફથી હજયાત્રીઓના ઓરીજીનલ પાસપોર્ટ જમા લઈ લેવામાં આવે છે અને તેની જગ્યાએ યલો-કાર્ડ હજયાત્રીઓને ફાળવવામાં આવે છે. જે દરેક હજયાત્રીને મળી રહે તે માટે પ્રયત્નો કરવા જોઈએ.
- હજયાત્રીઓને "નુસુક કાર્ડ" તથા "યેલો કાર્ડ" મળી ગયેલ છે કે તે જાણી જે હજયાત્રીને ઉક્ત કાર્ડ ન મળેલ હોય તેની માટે મોઅલ્લીમની ઓફિસ સાથે સંપર્ક કરી હજયાત્રીને ઉક્ત કાર્ડ મળી રહે તે માટે પ્રયત્નો કરવાના રહેશે.

(૮) હજયાત્રાના દિવસો શરુ થતાં પહેલા મક્કા ખાતે SHI ની કામગીરી શું?

- દરેક હજયત્રાની મીટીંગ બોલાવી હજની પ્રક્રીયા તબક્કાબાર સમજાવવાની રહેશે.
- કેટલાક નવજુવાન હજયાત્રીઓના ગૃપનું નિર્માણ કરવું કે જેઓ હજયાત્રામાં સાથે આવેલ મોટી ઉંમરના હજયાત્રીઓનું ધ્યાન પણ રાખી શકે. અને તેમની સાથે લઈ હજયાત્રાના પહેલાં એડવાન્સમાં કેટલાક મહત્વના સ્થળો જેવા કે મીનામાં ટેન્ટ, કીચન, ટોઈલેટ-બાથરૂમ તથા અરફાતના ખેમાંના સ્થળોની મુલાકાત લઈ લે.
- હજયાત્રા માટે મીના મુકામે જતાં પહેલાં હજયાત્રીઓ પાસે અદાહી કૂપન, મેટ્રોની ટિકિટ, મીનામાં જમવાની કૂપન તથા મીનાના ટેન્ટ કાર્ડ દરેક હજયાત્રીને મળી જાય તે SHI એ સક્રીય રીતે જાણી લેવું જોઈએ.
- મીના માટે ક્યારે રવાના થવાનું છે તેની જાણકારી તમામ હજયાત્રીને આપવાની રહેશે. તથા મીના જવા માટે શું શું સામાન સાથે લેવું તેની જાણકારી આપવાની રહેશે.
- બીમાર કે મોટી ઉંમરના હજયાત્રીઓ તથા વીક હજયાત્રીઓની યાદી બનાવી મેડીકલ ટીમને આપવી જોઈએ જેથી તે લોકોને એમ્બ્યુલન્સમાં મીના સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી શકે. તેમજ ઉક્ત યાદી બ્રાન્ચ ઓફીસમાં પણ આપવી જેથી તેઓ પણ મેડીકલ ટીમને જાણ કરી શકે.
- કેટકાક હજયાત્રીઓ પાસે વધારે પૈસા હોય છે તે તેઓ મોઅલ્લીમની ઓફિસમાં જમા કરાવી શકે છે અન્યથા પોતાના રીસ્ક પર મીનાના ટેન્ટમાં સાથે લઈ જઈ શકે છે તેની જાણકારી આપવી.

- હજયાત્રા માટે મીના જવાની રાત્રીના એક દિવસ પહેલાં સ્નાન કરી લેવા જણાવે તેમજ હજયાત્રીઓને કપડાં ધોવાનું ટાળવા જણાવે જેથી હોટલમાં પાણી પૂરતા પ્રમાણમાં રહે.

(૯) હજયાત્રાના મુખ્ય ૦૫(પાંચ) દિવસો દરમિયાન SHI ની કામગીરી?

*હજયાત્રાનો પ્રથમ દિવસ (મુસ્લિમ ચાંદ પ્રમાણે ૮ મી તારીખ)

- મીના જવા માટે બસની વ્યવસ્થા હજયાત્રીઓની થયેલી હોય છે, જે ક્યારે આવશે તેની માહિતી SHI બ્રાંચ ઓફિસના તથા મોઅલ્લીમના ટ્રાન્સપોર્ટ વિભાગ સાથે સંકલનમાં રહી હજયાત્રીઓને જાણકારી આપે.
- SHI દરેક હજયાત્રી હોટલ છોડતા પહેલાં તેમના રૂમ લોક કરી દે ત્યાર બાદ હજની નિય્યત કરાવી હજયાત્રીઓને બસમાં બેસાડે.
- દરેક હજયાત્રીઓ બસમાં બેસી જાય ત્યાર બાદ છેલ્લી બસમાં SHI મીના માટે રવાના થશે.
- હજયાત્રીઓને ટેન્ટમાં જગ્યા મળી ગઈ તેની નોંધ લેશે તેમજ જે હજયત્રીને ટેન્ટમાં જગ્યા ન મળી હોય તેની જાણ મોઅલ્લીમને કરશે અને જગ્યા અપાવશે જો તો પણ જગ્યા ન મળે તો "હજયાત્રી સહાયતા કેન્દ્ર" માં પહોંચી કો-ઓર્ડીનેટર સાથે સંપર્ક કરી પ્રોબલેમ સોલ્વ કરવા પ્રયત્નો કરશે.
- SHI મીનામાં પહોંચી દરેક હજયાત્રીઓ મીના ખાતેના ટેન્ટમાં પહોંચી ગયાની હાજરી નોંધી લેશે. ત્યાર બાદ ચા-નાસ્તો મળી રહે તેનું ધ્યાન રાખશે અને જેને ન મળ્યો હોય તો ટેન્ટની પાસે આવેલ કીચનમાં જાણ કરશે.

*હજયાત્રાનો બીજો દિવસ (મુસ્લિમ ચાંદ પ્રમાણે ૯ મી તારીખ)

- મોડી રાત્રે જો બસ આવી જાય તો અરફાત જવા હજયાત્રીઓને જાણ કરશે અન્યથા બીજા દિવસે અરફાતના મેદાનમાં પહોંચવા જણાવશે. અને ત્યાં પણ હજયાત્રીઓની હાજરી નોંધી ગેરહાજર હજયાત્રીઓને ગોતી ટેન્ટ સુધી પહોંચાડવામાં મદદરૂપ થવા મોઅલ્લીમના સંકલનમાં રહી કેટલાક બાઈકધારી ખિદમતગારોની મદદ લેવા પ્રયાસો કરશે.
- અસરની નમાઝબાદ હજયાત્રીઓને દુઆ માટે અરફાતના ટેન્ટની બહાર આવવા જણાવશે.
- ત્યાર બાદ સુર્યાસ્ત બાદ મુઝદલિફહ રવાના થવા હજયાત્રીને જણાવશે.
- SHI છેલ્લે મુઝદલિફહ જવા નીકળશે અને અરફાતના ટેન્ટમાં હજયાત્રીઓનો રહી ગયેલ સામાન સાથે લઈ તેમના સુધી પહોંચાડવા મદદરૂપ થશે.

*હજયાત્રાનો ત્રીજો દિવસ (મુસ્લિમ ચાંદ પ્રમાણે ૧૦ મી તારીખ)

- રાત્રે મુઝદલિફહમાં કાંકરીઓ વીણી સવારે ચાલતા મીનામાં પહોંચવા જણાવશે.
- દિવસ શરૂ થતાં રમી કરવા(કાંકરી મારવા) જણાવશે. અદાહી માટેના રસ્તાની જાણકારી આપશે. પછી મધ્યાહ્ન બાદ મીનાના ટેન્ટમાં જઈ હજયાત્રીઓની હાજરી લેશે.
- જે હજયાત્રીઓ ટેન્ટ સુધી ન પહોંચ્યા હોય તેમની શોધખોળ કરશે. અને મીનામાં આવેલ રોડ નંબર : ૫૬ પરની ઓફિસમાં ફરીયાદ કરી પ્રોબલેમ સોલ્વ કરવાની કામગીરી કરશે.
- ટેન્ટમાંના જે હજયાત્રીઓએ કાંકરી નહિં મારી હોય તેમને કાંકરી મારવા જણાવશે.
- જે હજયાત્રીઓએ કાંકરી મારી લીધી હોય અને હલક(વાળ ઉતારવાની વીધી) કરાવી લીધેલ હોય તેને તવાફે-ઝિયારત કરવા માટે મક્કા જવા જણાવશે.

*હજયાત્રાનો ચોથો દિવસ (મુસ્લિમ ચાંદ પ્રમાણે ૧૧ મી તારીખ)

- હજયાત્રીઓને રમી કરવા(કાંકરી મારવા) જણાવશે.
- હજયાત્રીઓએ મક્કા જઈ તવાફે ઝિયારત કરેલ છે કે નહિં તે પુછશે અને જેણે તવાફે ઝિયારત કરેલ નહિં હોય તેને મક્કા જઈ તવાફે ઝિયારત કરવા જણાવશે. વધૂમાં જે હજયાત્રીઓ કમજોર હોય કે મોટી ઉંમરના હોય તેમની સાથે મક્કા જઈ તવાફે ઝિયારત કરવામાં મદદરૂપ થશે.

*હજયાત્રાનો પાંચમો દિવસ (મુસ્લિમ ચાંદ પ્રમાણે ૧૨ મી તારીખ)

- હજયાત્રીઓને મધ્યાહ્ન બાદ રમી કરવા(કાંકરી મારવા) જણાવશે. અને ત્યાર બાદ મક્કા પહોંચવા માર્ગદર્શન આપશે.
- જો દિવસ દરમિયાન મક્કા જવા માટે ની બસ ન આવે તો રાત્રી રોકાણ મીનાના ટેન્ટમાં જ કરી બીજા દિવસે (મુસ્લિમ ચાંદ પ્રમાણે ૧૩ મી તારીખે) મધ્યાહ્ન બાદ કાંકરી માર્યા બાદ મક્કા જવા હજયાત્રીઓને જાણકારી આપશે.
- SHI છેલ્લે હજયાત્રીઓનો ટેન્ટમાં રહી ગયેલ માલ-સામન સાથે લઈ મક્કા તરફ રવાના થશે અને સંબંધિત હજયાત્રીઓને તેમનો સામાન આપી વધેલો સામાન બ્રાંચ ઓફીસમાં તથા આઈ.એચ.પી.ઓ.માં જમા કરાવશે.

(૧૦) હજયાત્રાના મુખ્ય પાંચ દિવસો બાદ મદીના શહેર જતાં પહેલા SHI ની કામગીરી?

- SHI મદીના મુવમેન્ટ માટેની જાણકારી આઈ.એચ.પી.ઓ. માંના મદીના મુવમેન્ટ ડેસ્ક પરથી મેળવી હજયાત્રીને ક્યારે મદીના જવાનું થશે તેની સંપુર્ણ જાણકારી આપશે.

- મદીના મુવમેન્ટ માટેની યાદીમાં જો કોઈ પતી-પત્ની અલગ-અલગ બસોમાં જવાનું માલુમ થાય તો તેની તાત્કાલિક જાણ કરી તેમને શક્ય હોય ત્યાં સુધી એક બસમાં જવાનું થાય તેવા પ્રયત્નો હાથ ધરશે.

- હજયાત્રીઓનો કીમતી સામાન, પૈસા, દવાઓ, નાશ્તો તેમજ ૨-જોડી કપડા પોતાની હેન્ડ બેગમાં લઈ લેવા જણાવશે. કેમ કે લગેજ બેગ અલગ લોડીંગ વાહનમાં જતી હોવાથી મદીના પહોંચતા કેટલાક કિસ્સાઓમાં હજયાત્રીઓને એક-બે દિવસ બાદ લગેજ બેગ મળતા હોવાથી મુશ્કેલીઓ ઊભી ન થાય.

- વધૂમાં હજયાત્રીઓની લગેજ બેગો અલગ લોડીંગમાં જતી હોય છે તેથી લોડીંગ વાહનના ડ્રાઈવરનું નામ, મોબાઈલ નંબર તથા લોડીંગ વાહનનો નંબર જાણી નોટ કરી લે. જેથી સામાન ન મળવાના કિસ્સામાં કોન્ટેક્ટ કરી મુશ્કેલી નિવારી શકાય. તેમજ હજ-આસીસ્ટન્ટ તથા મદદનીશ હજ ઓફીસરને તેની જાણકારી આપી સરળતાથી હજયાત્રીઓના લગેજને તેમના સુધી પહોંચાડવામાં મદદરૂપ થઈ શકે.

- હજયાત્રીઓને રીયાઝુલ જન્નહમાં નમાઝ પડવા માટે ઓનલાઈન એપ્લિકેશનથી સ્લોટ બુક કરાવવા જણાવવાનું રહેશે તથા જે હજયાત્રીને ઓનલાઈન સ્લોટ બુક કરતાં ન આવડતું હોય તેમનો સ્લોટ બુક કરાવી આપવાની કામગીરી કરવાની રહેશે.

- મદીના મુવમેન્ટ માટેની જાણકારી આઈ.એચ.પી.ઓ. માંના "મદીના મુવમેન્ટ ડેસ્ક" પરથી મેળવી હજયાત્રીને ક્યારે મદીના જવાનું થશે તેની સંપુર્ણ જાણકારી મેળવી તેની જાણ હજયાત્રીઓને કરશે.

(૧૧) મદીના શહેરમાં SHI ની કામગીરી?

- જે હજયાત્રીઓ અમદાવાદથી SHI ની સાથે ગયેલ હતા તેજ હજયાત્રીઓ મદીના ખાતે તેમને પરત ફાળવવામાં આવે છે.

- હજયાત્રીઓને રીયાઝુલ જન્નહમાં નમાઝ પડવા માટે બુક કરાવેલ ઓનલાઈન સ્લોટ મુજબ દરવાજા નંબર: ૩૬૦ થી રીયાઝુલ જન્નહમાં એન્ટ્રી અપાવશે.

- બિમાર દર્દીઓ માટે બ્રાંચ ઓફીસમાં મેડીકલ ટીમ તૈનાત હોય છે જે ગેટ નં.૨૧ થી ૨૫ ની વચ્ચેના રસ્તે ટોપ-૧૦ મોલ તરફ આવેલી છે તેની જાણકારી આપવી અને જરૂર પડ્યે બીમાર હજયાત્રીને સાથે લઈ મેડીકલ ટીમ સુધી પહોંચવું.

- SHI એ આઈ.એચ.પી.ઓ., ડોક્ટર, એમ્બ્યુલન્સ વગેરે જેવા નંબરો હેન્ડી રાખવા.

GUJARAT STATE HAJ COMMITTEE

(૧૨) મદીનાથી અમદાવાદ પરત ફરતી વખતે SHI ની કામગીરી?

- મદીનાથી પરત અમદાવાદ માટેની ફ્લાઈટની જાણ હજયાત્રીઓને એડવાન્સમાં નોટીસ આપી કરવાની રહેશે તેમજ રીટર્ન માટે ૨૪ કલાક પહેલા લગેજ હજયાત્રીઓ પાસેથી જમા લઈ લેવામાં આવશે તેની જાણકારી આપવાની રહેશે.
- હજયાત્રીઓને ઝમ-ઝમનું પાણી લગેજ બેગમાં ન રાખવા જણાવવાનું રહેશે કેમ કે એરલાઈન્સના નિયમોનુસાર પ્રવાહી લગેજમાં હોય તો હજયાત્રીઓના બેગને ખોલવાના કિસ્સાઓ સામે આવેલ છે. તેમજ લગેજ બેગનું વજન જણાવેલ મર્યાદામાં જ ભરવા જણાવવાનું રહેશે.
- જે અન્વયે બ્રાંચ ઓફિસમાંના લગેજ કાંટા દ્વારા લગેજ બેગનું વજન કરાવી લેવા હજયાત્રીઓને જણાવવું. તેમજ અમદાવાદ પરત ફરવા માટે મદીના એરપોર્ટ પર પહોંચવા માટેની બસમાં સમયસર બેસી જવા જણાવવું જેથી એરપોર્ટ ખાતે ૦૬ કલાક પહેલા પહોંચી શકાય.
- પાવર બેંક, પૈસા જેવી વસ્તુઓ હેન્ડ બેગમાં રાખવા તથા છરી, ચપ્પા જેવી ધારદાર વસ્તુઓ લગેજ બેગમાં રાખવા હજયાત્રીઓને જણાવવું.

(૧૩) અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા બાદની SHI ની કામગીરી?

- હજયાત્રીને તેમના લગેજ બેગ શોધવામાં મદદ કરશે.
- ફ્લાઈટમાંનો દરેક હજયાત્રીને સામાન મળી રહે ત્યાર બાદ જ SHI તેમના સામાન સાથે એરપોર્ટની બહાર નીકળશે.
- ગુજરાત રાજ્ય હજ સમિતિ તરફથી તૈયાર કરેલ પત્રક અનુસાર રીપોર્ટ દિન-૫ માં સબમિટ કરવાનું રહેશે.

ગુજરાત રાજ્ય હજ સમિતિ રીવ્યુ મીટીંગ યોજે તેમાં હાજર રહેવાનું રહેશે. અને ભવિષ્યમાં થનાર હજયાત્રા વધૂ આરામદાયક થાય તે માટે એસ.એચ.આઈ. એ પોતાના સુઝાવો આપવાના રહેશે.

***<u>ખાસ નોંધ: ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા આપવામાં આવતી વખતો વખતની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.</u>***

GUJARAT STATE HAJ COMMITTEE

# <u>ઉમરાહ</u>

ફર્ઝ :

(૧) ઉમરાહ કરવાની નિય્યત કરવી.

(૨) તવાફ કરવું. (કાબાના સાત ચક્કર કરવા).

વાજીબ :

(૧) સવા-મરવા પહાડોની સઈ કરવી.

(૨) હલક(માથાના વાળ ઉતારવાની વિધી) કરાવવું.

# <u>હજ</u>

ફર્ઝ :

(૧) હજની નિય્યત કરવી.

(૨) વુકુફ-એ-અરાફાત. (અરફાતના મેદાનમાં રોકાણ કરવું).

(૩) તવાફ-એ-ઝિયારત. (કાંકરી માર્યા, હલક કર્યા બાદ કાબાના સાત ચક્કર ફરવા).

વાજીબ :

(૧) વુકુફ-એ-મુઝદલિફહ (મુઝદલિફહના મેદાનમાં રોકાણ કરવું).

(૨) રમી કરવી. (શેતાનને કાંકરીઓ મારવી).

(૩) અદાહી કરવી. (કુરબાની કરવી).

(૪) હલક(માથાના વાળ ઉતારવાની વિધી) કરાવવું.

(૫) હજની સઈ કરવી.

(૬) તવાફ-એ-વિદા.(મક્કાથી રવાનગી વખતે કાબાના સાત ચક્કરો ફરવા).

GUJARAT STATE HAJ COMMITTEE